# નોકરીના સ્થળે આવેલાં મોટાં પરિવર્તનનાં ગંભીર પરિણામો આવશે

ભારતનાં નોકરીનાં સ્થળોએ ઘણા સમયથી બહુ મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. આની કોઈ સ્થાને ચર્ચા નથી. તેના કોઈ સમાચાર નથી બનતા. દા. ત. છેલ્લાં પંદર-વીસ વર્ષથી કામકાજના કલાકો 6-8ના બદલે 10-12 કલાક થઈ ગયા છે. રજિસ્ટરમાં હાજરી સહી કરીને પૂરાતી હતી, તેના બદલે પહેલાં અંગૂઠાથી અને પછી આંખની રેટિનાથી હાજરી પૂરવાનું આવી ગયું. ઑફિસમાં આઈકાર્ડના લટકણિયાં ફરજિયાત થઈ ગયાં. અને કેટલીક જગ્યાએ તો ઑફિસ ગણવેશ પણ પહેરીને જવાનો. ગણવેશ ન હોય તો, પુરુષ માટે શર્ટ, પેન્ટ, ટાઇ, કૉટ અવશ્ય પહેરવાનો. સ્ત્રીએ ચુડીદાર-કુર્તા અથવા તેમણે ટાઇટ શર્ટ, ટાઇટ સ્કર્ટ, ટાઇ અને કૉટ પહેરવાનો. ઑફિસમાં મશીનવાળી ભંગાર ચા અને કૉફી મળે તે પીવાની. બહાર જવું હોય તો આઈકાર્ડ ઘસીને જવાનું.

**પહેલાં કામકાજમાં જે વરિષ્ઠતાનો ક્રમ જોવા મળતો હતો તે હવે નથી જોવા મળતો. નોકરીમાં આજકાલ બૉસ જુનિયર કર્મચારીને વધુ મહત્ત્વ આપતા જોવા મળે છે. આ ઉપરાંત કામની ગુણવત્તા કરતાં પોશાક, હાજરી, કામકાજના કલાકોને વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે**



પ્રતિ દિન સવારે કે બપોરે નિર્ધારિત સમયે વિડિયો કૉલથી મીટિંગ કરવાની જ. મીટિંગમાં બૉસની ઠપકો કે ગાળાગાળી ખાવાની. સાંજે નિર્ધારિત સમયે નીકળી જ જવાનું તેવું ન બને. કામ હોય તો રોકાવું પડે. આમાં બૉસના માનીતા લોકોનું કામ પણ પોતાના માથે આવે. તેમને રજા સરળતાથી મળી જાય. આપણે રજા લેવાની હોય તો બૉસ આપે નહીં. આપે તો ઉપકાર કરતા હોય તેમ આપે. ધાર્યા કરતાં ઓછી આપે. આપ્યા પછી ઍડવાન્સ કામ પતાવડાવી લે. આમ, કામકાજની ગુણવત્તા કરતાં દેખાવ, હાજરી, કેટલા કલાક કામ કર્યું તે વધુ મહત્ત્વનું બની ગયું છે.

બૉસનો માનીતો કર્મચારી ઓછું કામ કરતો હોય તોય તેને પ્રમૉશન અને પગારવધારો મળ્યા રાખે. જ્યારે કામ નિષ્ઠા, ખંત અને ચોકસાઈથી કરનારાને પગારવધારા અને પ્રમૉશનના નામે ડિંગો મળે. ઑફિસના 31 ડિસેમ્બર કે કોઈ ફિલ્મના શૉ જેવા કાર્યક્રમોમાં પણ પાસ બૉસને રોજ સવારે ગુડ મૉર્નિંગના સંદેશાઓ મોકલતા, સૉશિયલ મીડિયા પર બૉસને ટેગ કરીને તેમની ચમચાગીરી કરતા લોકો લઈ જાય. લઈ જાય એ તો ઠીક, પરંતુ પોતાનાં સગાં કે આજુબાજુવાળાને પણ આપીને ઉપકૃત કરે. તેમાંય જો બૉસનો આવો માનીતો કર્મચારી આપણી પડોશમાં રહેતો હોય અને આપણને માંડ-માંડ એક પાસ જાણે બૉસ ઉપકાર કરતા હોય તેમ આપે અને આપણે એ કાર્યક્રમમાં જઈએ ત્યારે ખબર પડે કે આપણા પડોશીઓ પણ એ કાર્યક્રમમાં આવ્યા છે, ત્યારે આપણને એમ થાય કે બૉસ તો આપણને એમ કહેતા હતા કે પાસ છે જ નહીં, માંડ એક બચ્યો છે. અને તું મારો ખાસ છો એટલે તને આપું છું. પરંતુ અહીં તો મારા પડોશીઓ આવ્યા છે.

પછી એ પડોશીઓ જ આપણને દઝાડવા કહે ત્યારે ખબર પડે કે બૉસનો માનીતો કર્મચારી જે આપણી જ સૉસાયટીમાં રહે છે, તેણે આ પડોશીઓને પાસ આપ્યા છે. એટલે પડોશીઓ આગળ આપણું માન ઘટી જાય. તેઓ આપણને એમ કહે કે તમે તો અમને પાસ-બાસ કંઈ આપતા નથી, તોય અમને મળી જાય છે.

બૉસ રાતોરાત કામ સોંપી દે અને ડેડલાઈન એકદમ કટોકટ હોય. એક કે બે જ દિવસમાં કામ પૂરું કરવાનું હોય. કામ પૂરું કરીને જો આપીએ તો પાછા બૉસના

**અબીલ ગુલાલ**

**જયવંત પંડ્યા**

વિચારો બદલાઈ જાય. આમ નહીં, આમ કરવાનું કહ્યું હતું. આપણે કહીએ કે તમે આમ જ કહ્યું હતું તો જીભાજોડી તો થાય નહીં. એટલે બૉસ કહી દે કે ના, મેં તને આમ જ કરવાનું કહ્યું હતું તો માની લેવાનું.

તેમાંય ઘણી વાર આપણા જુનિયર આપણી પર બૉસ તરીકે થોપવામાં આવે. તેને કંઈ અનુભવ ન હોય, કંઈ ગતાગમ ન પડતી હોય, ખોટા નિર્ણય લેતો હોય અને આપણે ધ્યાન દોરવા જઈએ તો એમ કહેવામાં આવે કે તમને ઈર્ષા થાય છે એટલે તમે વાંક કાઢો છો. બૉસના ઉપરના અધિકારીનું ધ્યાન દોરીએ તો ઉપરના અધિકારીની કૃપાથી આ જુનિયર બૉસ બનીને બેઠો હોય એટલે ઉપરનો અધિકારી પણ પેપર ફોડી દે કે તારી નીચેનો કર્મચારી તારી ફરિયાદ કરતો હતો. એટલે બૉસની વધુ હેરાનગતિ સહન કરવી પડે.

શું આ મોટું પરિવર્તન નથી? અગાઉ કંપનીઓ અને પેઢીઓમાં નિશ્ચિત પ્રણાલિ હતી. કોઈ પણ કર્મચારી જુનિયર તરીકે દાખલ થાય, ત્યારે તેને ઉપરના કર્મચારી દ્વારા બરાબર ઘડવામાં આવતો. ટપારવામાં આવે. આજકાલ આવું રહ્યું જ નથી. જુનિયર કર્મચારીને શીખવું નથી. તેને બૉસની ચમચાગીરી કરીને રાતોરાત પ્રમૉશન મેળવી મેળવી પગારવધારો કરાવી લેવો છે. બૉસને પણ હા જી, હા જી કરે તેવા જુનિયરો વધુ પસંદ હોય છે. ઘણી વાર જુનિયર સ્ત્રી હોય તો બૉસ લફરું ન કરી શકે તોય ફ્લર્ટ કરીને પણ સંતોષ મેળવી લેતો હોય છે. પોતાની કેબિનમાં બેસાડી રાખે. ઘરની વાતો કર્યા રાખે. ઑફિસ રાજકારણના સમાચાર મેળવી લે કે કોણ શું કરે છે.

જુનિયર કર્મચારી કામમાં ધાંધિયા કરે એટલે વચ્ચેના કર્મચારીનો મરો થાય. તેને બૉસ દ્વારા કહેવામાં આવે કે એને ન આવડે તો તમે સુધારી લો. પહેલાં આવું નહોતું. બૉસ વચ્ચેના એટલે કે મિડલ મેનેજમેન્ટના કર્મચારી સિવાય કોઈને મળતા પણ નહોતા. એટલે મિડલ મેનેજમેન્ટના કર્મચારીને જુનિયર કર્મચારીને તૈયાર કરવાનો પૂરતો અવસર મળતો. પૂરતો સમય આપ્યા પછી પણ જુનિયર કર્મચારી જો ન ઘડાય તો તેને નોકરીમાંથી કાઢી મૂકવાની સત્તા પણ મિડલ મેનેજમેન્ટ પાસે રહેતી.

જુનિયર કર્મચારી પાંચેક વર્ષ ઘડાઈને તૈયાર થાય પછી તે કંઈક પ્રમૉશન મેળવવાની આશા રાખી શકતો. આના કારણે ઑફિસનાં કામ બરાબર થતાં. હવે લગભગ બધે જ ત્રીસ-ચાલીસે પહોંચેલા કર્મચારીઓ એમ જ કહે છે કે આ જુનિયર કર્મચારીઓ પાસેથી કામ કઢાવવું બહુ અઘરું છે. આથી મિડલ મેનેજમેન્ટમાં પહોંચેલા આ કર્મચારીઓને હવે નોકરી ત્રાસદાયક લાગવા લાગે છે. કાં તો તે પોતાનું ફિલ્ડ બદલી નાખે છે, કાં સ્વતંત્ર વ્યવસાય શરૂ કરે છે. પરિણામે કંપનીઓને અનુભવીઓની બહુ મોટી ખોટ પડવા લાગી છે. જોકે આજે મોટા ભાગની કંપનીઓને એ સમજાતું નથી. તેઓ તો પ્રસન્ન થાય છે કે વધુ પગાર આપવો મટ્યો. જ્યારે CMDઓ ખોટા મેનેજરો, HR મેનેજરો અને CFOની ચુંગાલમાંથી મુક્ત થશે ત્યારે કદાચ તેમને આ વાત સમજાશે. •



# મહાત્માની નજરે સ્ત્રી

**મનકા સિતાર**

**કેશુભાઇ દેસાઇ**

આજે પત્રકારોની બોલબાલા વધી છે પણ પત્રો લખાતા બંધ થઈ ગયા છે. ગાંધીજીના જીવનનો ઘણો મૂલ્યવાન સમય એમને રોજેરોજ મળતા પત્રો વાંચવામાં, મહાદેવ દેસાઈ કે પ્યારેલાલ પાસે વંચાવવામાં અને દરેક પત્રનો યોગ્ય જવાબ લખવામાં ગયો હતો- એમ કહીએ તો મારી 12 વર્ષની કુમળી દોહિત્રી તિતિક્ષા માને ખરી? પણ એથી ગાંધીજીએ પત્રો પાછળ વ્યતીત કરેલો બલકે તિતિક્ષા જેવી નવી જનરેશનની ભાષામાં કહીએ તો 'વેસ્ટ' કરેલો સોના કરતાં મોંઘો સમય આપણે પાછો મેળવી શકવાના નથી. એમણે તો એમના સમયની ક્ષણેક્ષણનો ગણતરીપૂર્વક સદુપયોગ જ કર્યો હતો. એમને મન જીવનમાં એ આપદ ધર્મ જેવું કર્તવ્ય હતું. ગાંધીજીને ઓળખવા કે પામવા માટે એમની આત્મકથા કે 'હિંદ સ્વરાજ' જેવાં પુસ્તકો જેટલું જ અગત્યનું એમનું વિશાળ પત્રસાહિત્ય છે. એમણે વિવિધ વ્યક્તિઓને એમના સ્તર સુધી નીચે ઊતરી કે ઊંચે ઊઠી પત્રો પાઠવ્યા હતા. એ પત્ર જેમ ઐતિહાસિક દસ્તાવેજ છે એમ એમની નમ્રતાનું નજરાણું પણ બની રહ્યા છે. એ તત્કાલીન વિશ્વ વિભૂતિઓ અને રાજનેતાઓથી લઈ 14-15 વર્ષના કિશોર કે એથી પણ ઓછી વયની બાળકીને પણ એટલા જ ઉમળકાથી પત્રનો જવાબ આપતા હતા. જન્મે જૈન હોવા છતાં ગાંધીવિચારને આજીવન સમર્પિત થઈ શૌચાલયપ્રવૃત્તિને જીવનકાર્ય ગણનારા ગાંધીવિચારના ભેખધારી સૂર્યકાંત પરીખનું શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. એમણે કિશોરાવસ્થામાં પાઠવેલા પત્રનો ગાંધીજીએ બહુ જ લાગણીપૂર્વક લખેલો પત્ર મને ખુદ સૂર્યકાંત પરીખે વંચાવેલો!

ગાંધીઘેલા લોકનાયકોની છેલ્લી પેઢી લગભગ સમાપ્ત થઈ ગઈ છે. પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલની સ્મૃતિમાં પ્રકાશિત થયેલ ગ્રંથમાં મારો એક લેખ છે: 'ગાંધી માર્ગનો છેલ્લો માઈલસ્ટોન.' બાબુભાઈના ગયા પછી ગાંધીવિચાર કમસેકમ રાજકારણમાંથી તો નામશેષ થઈ ગયો છે. પ્રકાશ શાહે વૈચારિક મશાલ પકડી રાખી છે ખરી પરંતુ આજે એવા રડ્યાખડ્યા વિચારકો કે કર્મશીલોને અનુસરે છે કોણ? એ ઘણો વિચારણીય પ્રશ્ન છે! (સૂર્યકાંત પરીખે જીવ્યા ત્યાં સુધી સફાઈ પ્રવૃત્તિ પાછળ સમય આપ્યો હતો અને એમના ગયા પછી પણ એમનાં સૌજન્યશીલ પુત્રવધૂ ફાલ્ગુની પરીખે 'નાસા ફાઉન્ડેશન' દ્વારા ચાલતી શૌચાલય પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે. એ સ્વૈચ્છિક સંસ્થાનો ટ્રસ્ટી હતો ત્યારે મેં સૂર્યકાંત પરીખ માટે 'શૌચમહર્ષિ' જેવું વિશેષણ પ્રયોજેલું તથા એમના નેજા હેઠળ ચાલતી સંસ્થાના મુખપત્રને 'શૌચમંદિર' જેવું આકર્ષક અને રળિયામણું શીર્ષક પણ આપ્યું હતું!)કચ્છના ચુસ્ત ગાંધીવાદી લોકશિક્ષક શ્રી રમેશભાઈ સંઘવી ઘણાં વર્ષોથી ગાંધીવિચારને જનસાધારણ સુધી પહોંચાડવા મથે છે. એમના તંત્રી પદે પ્રકાશિત થતા 'અકાલ પુરુષ'ના ડિસેમ્બર અંકમાં 'શાશ્વત સ્વર' શીર્ષકથી ગાંધીજીએ બહેનો પર લખેલા કેટલાક પત્રો ભદ્રાબહેન સવાઈના સંપાદનમાં 'ગાંધીની વીરપસલી' સ્વરૂપે પ્રગટ થયા છે. શરૂઆત અમતુસ્સલામ નામની દીકરીને લખેલા પત્રથી થાય છે:

'પ્યારી બેટી અમતુસ્સલામ, તું સાચું કહે છે કે મારી પાસે અમીર અને ભણેલા-ગણેલા લોકો રહી શકે છે. અમીરોને ફકીર બનાવવાના છે અને ભણેલા-ગણેલાના હાથમાં ઝાડુ આપવું છે... બાપુની દુઆ.'

**એક પત્ર એસ્થર ફેરિંગ પર લખાયેલો છે:**

'શુદ્ધ પ્રેમ હોય છે ત્યાં આપવાનું કે લેવાનું હોતું નથી. પ્રેમ આપે છે કેમ કે આપ્યા સિવાય એનાથી રહેવાતું નથી. આપવું એ તો એનો સ્વભાવ જ છે. પોતે શું આપે છે એની પ્રેમને ખબર સરખી હોતી નથી અને પોતે શું મેળવે છે એ બાબતમાં તો તે એથીયે વિશેષ અજાણ હોય છે. પ્રેમનો બદલો પ્રેમ પોતે જ છે... તારો બાપુ'

**એ પ્રેમાબહેન કંટકને લખે છે:**

'અહિંસા વિના મેળવાયેલી સત્તામાં દરિદ્રનારાયણનું સ્વરાજ નહીં જ હોય. સ્વરાજપ્રાપ્તિમાં જેટલે અંશે અહિંસા હશે તેટલે અંશે દરિદ્રોનું દળદર ફીટશે. કોઈની નિંદાની વાત માનતાં ખૂબ અચકાજે. નહીં સાંભળે તો વધારે સારું. ધનિક લોકોને હું દુષ્ટ માનતો નથી. ગરીબને ફિરસ્તા માનતો નથી. પૂર્વ-પશ્ચિમમાં ઘણા ધનિકો પડ્યા છે જે પરોપકારાર્થે કમાય છે. તેઓ પૂજાયોગ્ય છે. ઘણા ગરીબોને જાણું છું, જેનો સંગ ત્યાજ્ય છે. મારી કલ્પનાના સ્વરાજમાં સાવજ અને બકરાં એક સરોવરમાં એકીવખતે પાણી પીતાં હોવાં જોઈએ. હિન્દુસ્તાનના પ્રશ્નો ઉકેલવામાં રસ આવે તેથીયે વધારે આશ્રમના ઉકેલવામાં, ને તેમાંયે બહેનોના કેમ કે તેમાં મોટા પ્રશ્નોના ઉકેલની ચાવી છુપાયેલી રહે છે. જેવું પિંડે તેવું બ્રહ્માંડે, બ્રહ્માંડને જાણવામાં ભૂલીએ. પિંડ તો આપણા હાથમાં છે.'

**મારી કલ્પનાના સ્વરાજમાં સાવજ અને બકરાં એક સરોવરમાં એકીવખતે પાણી પીતાં હોવાં જોઈએ. હિન્દુસ્તાનના પ્રશ્નો ઉકેલવામાં રસ આવે તેથીયે વધારે આશ્રમના ઉકેલવામાં ને તેમાંયે બહેનોના કેમ કે તેમાં મોટા પ્રશ્નોના ઉકેલની ચાવી છુપાયેલી રહે છે. જેવું પિંડે તેવું બ્રહ્માંડે, બ્રહ્માંડને જાણવામાં ભૂલીએ. પિંડ તો આપણા હાથમાં છે**

ગાંધીજીના અણિશુદ્ધ અંતેવાસીઓને પણ એમના કેટલાક સિદ્ધાંતોના જડ અર્થઘટન સામે પ્રામાણિક મતભેદ હતા. એ જુદી વાત છે કે એમની તિલસ્મી આભાથી અંજાઈને એ મૂંગા રહેતા હતા. એક તરફ એ સ્ત્રીને પુરુષ કરતાં ચડિયાતી ગણે છે પણ પછી એને પરણીને પણ બ્રહ્મચર્ય પાળવું એવી સલાહ આપે છે. એમના આ વિચારનું મૂળ સ્રોત કદાચ બાઈબલ હશે. જૂના કરારમાં ઈશ્વર આદમ અને ઈવ (હવ્વા) પાસે આવી જ સેક્સશૂન્ય જિંદગીની અપેક્ષા રાખે છે અને પેલું વર્જિત ફળ નહીં ખાવાની સલાહ આપે છે. પરંતુ આગ અને ઘી મળે ત્યારે એવી આજ્ઞા થોડી પાળી શકાય એમ હતી? ઈશ્વરે નરનારીના સમાગમને 'ઓરિજિનલ સીન' - પહેલું પાપ માની એ પંચતત્ત્વનાં પૂતળાંને પૃથ્વી પર રમતાં મૂકી દીધાં અને એમાંથી આખી કામ પ્રેરિત સંસારમયી સૃષ્ટિ રચાઈ ગઈ.

સ્ત્રીની અંતર્નિહિત ક્ષમતાથી ગાંધીજી વાકેફ હતા, એટલે એના વિશે ઘણા આશાવાદી પણ હતા. એ વિશેષ તાકાતવાળી મહિલાઓને ગામડાંના નવનિર્માણમાં અને દારૂની દુકાનો સામે પિકેટિન્ગ કરવામાં જોતરતા. આવાં રચનાત્મક કાર્યો એમને સ્વરાજ્યની પૂર્વભૂમિકા સમાં લાગતાં. એમની વિચારધારાને વરેલાં રાજકુમારી અમૃત કૌરની ટીખળ કરવાનું પણ ન ચૂકતા.

**'પ્રિય બળવાખોર,**

તમારા જેવી સ્ત્રીઓ ગામડાંનું કામ ઉપાડી લે એનું મહત્ત્વ વસ્તુને મોંઘી બનાવ્યા વગર આકર્ષક બનાવવાની તમારી શક્તિમાં રહેલું છે. કદાચ સાચી કલા તે જ કહેવાય જે પૈસાની દૃષ્ટિએ સોંઘી હોય.

**જુલમગાર'**

ગાંધીજીની ભાષા આવી રોમાન્ટિક પણ હોઈ શકે એવું કોણ માનશે? પરંતુ એ પાત્રાનુસારી ભાષા વાપરનારા 'કલાકાર' -ઉત્તમ ગદ્યસર્જક હતા, ભલે પોતાની જાતને એ સાહિત્યકાર ન ગણતા હોય પણ સાહિત્ય સાથે એમને સાચી નિસબત હતી. એમ ન હોત તો એ કાર્ડિનલ ન્યુમેનના પ્રાર્થનાગીતના 15-20 અનુવાદ મંગાવી એમાંથી નરસિંહરાવ દિવેટિયાનો અનુવાદ 'પ્રેમળજ્યોતિ' પસંદ કરી શક્યા હોત ખરા? ગુરુદેવ ટાગોરની વહારે ધાવા મહાજનોને કરેલી અપીલ જ શું એમની સાહિત્યપ્રીતિનું પ્રમાણ નથી? એમણે સને 1942ની ચળવળ માટે જે ટૂંકા નારાની પસંદગી કરી હતી એ પણ કાબિલે દાદ છે. એમણે વિવિધ આગેવાનો પાસેથી નારા મંગાવ્યા હતા. ચક્રવર્તી રાજગોપાલાચારીએ પણ નારો લખી મોકલ્યો હતો પણ ગાંધીજીએ 'હિંદ છોડો' -Quit India નારો પસંદ કર્યો હતો જે યુસૂફ મહેરઅલીએ સૂચવ્યો હતો.

આશ્રમની બહેનો પર લખેલા પત્રમાં એ લખે છે: 'સ્ત્રીઓની પાસે સ્વરાજની ચાવી છે, એમ જોઉં છું. પણ તેને કોણ જાગ્રત કરે? અસંખ્ય સ્ત્રીઓ નિરુદ્યમી છે, તેને ઉદ્યમી કોણ બનાવે? બચપણથી જ માતાઓ પોતાનાં બાળકોને બગાડે છે, તેને કોણ અટકાવે? છોકરીઓને ઘરેણાંથી અને અનેક પ્રકારનાં કપડાંથી લાદી મૂકે છે. નાની બાલિકાઓને પરણાવી મૂકે છે. બાળાને બુઢ્ઢાને આપે છે. સ્ત્રીઓનાં ઘરેણાં જોઈને તો હું હેરાન જ થઈ જાઉં છું. એને કોણ સમજાવે કે એમાં સૌંદર્ય નથી, સૌંદર્ય તો હૃદયમાં છે!'

બાપુને સ્ત્રીઓ માટે ઊંડી શ્રદ્ધા હતી. પરંતુ પોતાની નિશ્રામાં રહેલી મહિલા કાયમ પોતાની સાથે જ રહેવાનો આગ્રહ રાખવા લાગે ત્યારે એ આવી પ્રતિક્રિયા પાઠવતા:

**'ચિ.મીરાં,**

મને લાગે છે કે ઇચ્છાઓ ઊંડે ઊંડે રહેલા કોઈ રોગનાં લક્ષણો છે. એ રોગ છે મૂર્તિપૂજા. એમ જ ન હોય તો મારી સાથે રહેવાની ઝંખના શા માટે સેવવી? જે પગ એક દિવસ મૃત્યુથી ઠંડા પડી જવાના છે તેને સ્પર્શ કે ચુંબન શા માટે કરવું? શરીરમાં તો કંઈ બળ્યું નથી.

**- બાપુ.'**

એમને અઢળક ચાહનારાં સરલાદેવી ચૌધરાણીને લખેલો પત્ર કેવો ચોટદૂક છે!

**'સરલાદેવી ચૌધરાણી,**

મારા પ્રેમની કશી કિંમત નથી, જો તમારામાં રહેલું ઉત્તમ તત્ત્વ તે બહાર ન લાવી શકે, તમે આજે છો તે કરતાં તમને વધારે સારાં અને શુદ્ધ ન બનાવે.

**બાપુના આશીર્વાદ'**

ગાંધીજીના પત્રો 'જેન-ઝી' માટે દીવાદાંડી બની શકે એમ છે. ગાંધીને વિસારે પાડવાના કારસા ચાલી રહ્યા છે એવા કપરા કાળમાં તો એમના પત્રો અમૃત સંજીવની પુરવાર થઈ શકે તેમ છે! •

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

તેમ નિકોબારના દક્ષિણ છેડે આવેલું 'INS બાઝ' (INS Baaz) મલક્કા સ્ટ્રેટ પર નજર રાખે છે; જે ઈન્ડો-પેસિફિકનું સૌથી વ્યસ્ત ચોકપોઈન્ટ છે અને જ્યાંથી પૂર્વ એશિયાનો મોટાભાગનો વેપાર અને ઊર્જા પસાર થાય છે. રણનીતિકારો લાંબા સમયથી આ ટાપુઓને ભારતનું 'અનસિંકેબલ એરક્રાફ્ટ કેરિયર' (ડૂબે નહીં તેવું જહાજ) ગણાવે છે, પરંતુ માત્ર રનવે હોવાથી દુશ્મન ડરતો નથી.

આર્કટિકનો પાઠ ગંભીર છે: કાયદાકીય માલિકી અને વ્યૂહાત્મક નિયંત્રણ એક જ વસ્તુ નથી. ચીનની કહેવાતી "સ્ટ્રિંગ ઓફ પર્લ્સ" એ ભારત જે ભૂગોળ પર કુદરતી પ્રભુત્વ ધરાવે છે તેને બાયપાસ કરવાનો પ્રયાસ છે. જો વ્યૂહાત્મક પ્રદેશને ઓછી સુરક્ષામાં રાખવામાં આવે, તો તે હરીફને આમંત્રણ મળી જાય છે.

**ત્રીજો:** ક્રિટિકલ મિનરલ્સ એ સાર્વભૌમત્વનો મુદ્દો છે, કોમોડિટી નહીં. ભારત હજુ પણ તેની રેર-અર્થ જરૂરિયાતો માટે ચીન પર નિર્ભર છે. ગ્રીનલેન્ડ બતાવે છે કે ખનીજો કેટલી ઝડપથી બજારના તર્કમાંથી વ્યૂહાત્મક સંઘર્ષમાં ફેરવાઈ જાય છે. સાચી સુરક્ષા માત્ર ખાણકામથી નહીં, પણ રિફાઈનિંગ, બેટરી ટેક્નોલોજી અને સપ્લાય ચેઈનની સંપૂર્ણ વ્યવસ્થા ઊભી કરવાથી આવશે.

### હવે શું થશે?

ગ્રીનલેન્ડમાં રાતોરાત ધ્વજ બદલાય તેવી શક્યતા ઓછી છે. વધુ શક્યતા એ છે કે ત્યાં અમેરિકાનો પ્રભાવ ધીમે ધીમે વધશે: પિટુફિક બેઝનો વિસ્તૃત ઉપયોગ, ગુપ્તચર સંકલન અને ભવિષ્યના પ્રોજેક્ટ્સમાં અમેરિકન કંપનીઓને અગ્રતા. આ "માલિકી સિવાય બધું જ"- everything-but-ownership - એ પ્રકારનું મોડલ છે.

ડેનમાર્ક કદાચ આ સ્વીકારી લેશે. યુરોપિયન સાથીઓ થોડો વિરોધ કરશે, પછી સ્વીકારશે. કારણ કે USAનો વિકલ્પ એટલે કે ચીનનો પગપેસારો, વધુ ખરાબ સ્થિતિ ઊભી કરી શકે છે. પરંતુ મહત્ત્વનું એ છે કે ગ્રીનલેન્ડ એક જીવંત ઉદાહરણ બની ગયું છે કે આર્કટિક હવે એક હરીફાઈનું મેદાન છે.

### દિલ્હીએ શા માટે ચિંતા કરવી જોઈએ?

ભારતે ગ્રીનલેન્ડ પર નજર રાખવી જોઈએ, એટલા માટે નહીં કે આપણે આર્કટિકમાં પ્રભાવ જમાવવો છે, પરંતુ એટલા માટે કે ત્યાં જે રમત રમાઈ રહી છે-આગોતરી પોઝિશનિંગ, નાના દેશો પર દબાણ અને સાથીદારોની કસોટી-તેનો પડઘો ઈન્ડો-પેસિફિકમાં પણ પડશે.

અનુસંધાન પાના એકનું

## જયનારાયણ વ્યાસ

ટ્રમ્પનો સંદર્ભ ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદે છે તે સંદર્ભે હતો અને એમનું કહેવાનું હતું કે, એના કારણે ટ્રમ્પના વહીવટી તંત્રે ભારત સામે વિરોધ નોંધાવી ભારતીય આયાત ઉપરની ટેરિફ ઓગસ્ટ ૨૦૨૫થી વધારીને ૫૦ ટકા કરી છે. આ મુદ્દે આગળ વધતાં ટ્રમ્પ ધમકી ઉચ્ચારે છે કે અમે હજુ પણ જો ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાના મુદ્દે વલણ નહીં બદલે તો ટેરિફ વધારી શકીએ છીએ. આ મુજબનો અહેવાલ રોઇટર દ્વારા ટાંકવામાં આવ્યો છે.

ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજૂતીને આખરી કરવા માટેની ચર્ચાઓ ચાલી રહી છે તેવે સમયે ટ્રમ્પ દ્વારા ઉચ્ચારવામાં આવેલી આ ધમકી ભારત માટે ચિંતાનો વિષય હોવી જોઈએ. આથી આગળ વધીએ તો ટ્રમ્પના તાજેતરનાં ઉચ્ચારણો એમણે અગાઉ મહિનાઓ પહેલાં જાહેર કર્યું હતું કે, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું બંધ કરશે તેવી ખાતરી આપી છે. ઓક્ટોબર ૨૦૨૫માં એમણે આ વાત કરી હતી જે ઓગસ્ટ ૨૦૨૫માં ૫૦ ટકા ટેરિફ નાખ્યા બાદ કરવામાં આવી. ભારત સરકાર આના સામે ગોળ ગોળ જવાબ આપ્યા જ કરે છે કે એની નીતિઓ તેની પાસે ઉપલબ્ધ વિકલ્પો તેમજ ભારતીય વપરાશકારની જરૂરિયાત ઉપર આધાર રાખે છે.

આમ, ટ્રમ્પે તાજેતરમાં જે ઉચ્ચારણો પ્રેસવાર્તા દરમિયાન કર્યાં તેને કારણે ભારત-અમેરિકા વચ્ચેના રાજદ્વારી સંબંધો વધુ તણાવપૂર્ણ બને તેવી શક્યતાઓ નકારી શકાય નહીં. આ બધાની વચ્ચે ટ્રમ્પ ભારતીય વડા પ્રધાનને પોતાના મિત્ર ગણાવે અને એવું વિધાન કરે કે, ''અમે હંમેશાં મિત્રો જ રહીશું અને ભારત-અમેરિકા વચ્ચે વિશિષ્ટ સંબંધો છે'', તેના જવાબમાં ભારતીય પ્રધાનમંત્રીએ એવું કહ્યું હોવાનું જણાય છે કે તેઓ અમેરિકાના પ્રમુખના ભારત સાથેના હકારાત્મક સંબંધો અંગેની વાતને આવકારે છે.

રશિયા એક સમયે ભારતને ક્રુડ ઓઇલ પૂરું પાડતું મોટામાં મોટું સપ્લાયર હતું અને ટ્રમ્પના વહીવટીતંત્રનો એવો આક્ષેપ હતો કે, ક્રુડ ઓઇલના વેચાણથી રશિયા જે નાણાં રળે છે તે યુક્રેન સાથેના યુદ્ધને બળ પૂરું પાડવા માટે વપરાય છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા ભારત પર એવો આક્ષેપ કરવામાં આવે છે કે, ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદીને નફાખોરી કરે છે અને એનાં ઉત્પાદનો અન્યત્ર વેચીને અબજો રૂપિયા કમાય છે.

ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલ આકરા ટેરિફ પુતિન યુક્રેન સાથેનું યુદ્ધ પૂરું કરી શાંતિની દિશામાં વિચારે તે માટેની એક તરકીબ હોવાનું કહેવાય છે.

આ લખાય છે ત્યારે મળતા સમાચાર મુજબ ઈરાન સાથે જે દેશો વેપાર કરે છે તેમના ઉપર વધારાનો ૨૫% ટેરિફ નાખવાની જાહેરાત ટ્રમ્પે કરી છે. આમ થાય તો અત્યારે ૫૦% ટેરિફ છે તેના બદલે ૭૫% ટેરિફ લાગે અને ભારતનો અમેરિકા સાથેનો વેપાર લગભગ બંધ થઈ જાય. બીજું, અમેરિકાના ભારત ખાતેના રાજદૂત અને એશિયા માટેના ટ્રમ્પના ખાસ દૂત ગોરના કહેવા મુજબ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત માટે ભલી લાગણી ધરાવે છે અને અમેરિકા ભારત વચ્ચેની વેપાર સંધિ બહુ ઝડપથી આકાર લઈ શકે છે. આ બધી અનિશ્ચિતતાઓ વચ્ચે ભારત ફંગોળાઈ રહ્યું છે. જોઈએ શું થાય છે.